**JUDGMENT**

**C.C.NO.891/2026**

| **રજુ તારીખ** | ૦૬/૦૪/૨૦૨૬ | | |
|---|---|---|---|
| **દાખલ તારીખ** | ૦૬/૦૪/૨૦૨૬ | | |
| **ફેંસલ તારીખ** | ૦૮/૦૬ /૨૦૨૬ | | |
| **અવધિ** | **વર્ષ** | **માસ** | **દિવસ** |
| | ૦૦ | ૦૨ | ૦૨ |

**પારડીના મહે. પ્રિન્સીપાલ જયુડી. મેજી.ફ.ક. સાહેબની કોર્ટમાં,**
**મુ. પારડી.**

**ફો.કેસ.નં.૮૯૧/૨૦૨૬**
**આંક–**

**ફરીયાદી :** સરકારશ્રી

**વિરૂધ્ધ**

**આરોપી :** જયાબેન કૈલાસભાઈ લક્ષ્મણભાઈ સોઈ

રહે. રેલ્વે ફાટકની સામે, કીમ, ઘર નં.૧૨૮, રણછણ

નગર સાંઈલીલા રો–હાઉસની સામે,

તા.ઓલપાડ,જી.સુરત

**ગુનો–ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ–૬૫ એ.એ.મુજબ.**

સરકાર પક્ષ તરફે – વિ.એ. પી. પી.શ્રી. આર.સી.પટેલ

આરોપી પક્ષ તરફે – વિ.વકીલ શ્રી એસ.એમ.શેખ...

**–:: ચુકાદો ::–**

(૦૧) ફરીયાદ પક્ષના કેસની ટુકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીએ તા.૦૪/૧૦/૨૦૨૫ ના કલાક.૧૩/૨૦ વાગ્યે મોજે.કલસર પાતલીયા ચેક પોસ્ટ રોડ ઉપર

તા.પારડી,જી.વલસાડ ખાતે પોતાના પાસેની પ્લાસ્ટીકની થેલીમાં ભારતીય બનાવટની વિદેશી દારૂ વ્હીસ્કી 8PM બ્લ્યુ ડીલ્ક્ષ વ્હીસ્કી ૧૮૦ એમ.એલ.વાળી બાટલીઓ કુલ્લે નંગ–૨૪ (જેમાં ૪.૩૨ લીટર) કિં.રૂા. ૨,૩૦૪/– નો પ્રોહી મુદ્દામાલ વગર પાસ પરમીટે ગેર કાયદેસર રીતે રાખી પકડાઈ જઈ, ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ ૬૫એ.એ. મુજબના ગુના સબબના તહોમત માટે અત્રેની અદાલતમાં ચાર્જશીટ રજુ કરવામાં આવેલ છે.

(૦૨) ત્યાર બાદ, હાલના કામના આરોપી સામે કેસની સુનાવણી માટે પ્રોસેસ કાઢવામા આવેલ છે અને તે પ્રોસેસની બજવણી થતા આરોપી અત્રેની અદાલત સમક્ષ હાજર થયેલ છે. ત્યાર બાદ સદર કામે આરોપીને બી.એન.એસ.એસ.ક.–૨૩૦ મુજબ પોલીસ પેપર્સની નકલો આપેલ છે, જેની ખાતરી આરોપીએ પોતાના આંક–૦૬ ના નિવેદનમાં આપેલ છે. સદર કામે આંક–૦૫ થી આરોપી સામે તહોમતનામુ ફરમાવવામાં આવેલ છે. આરોપીએ તેના આંક–૦૬ ના નિવેદનમાં પોતાની સામેના ગુનાનો ઈન્કાર કરતા સદર કેસ સંબંધે તેઓની સામેની ન્યાયીક કાર્યવાહી આગળ ચલાવવાનો હુકમ કરવામાં આવેલ છે અને ફરીયાદ પક્ષને પોતાના કેસના સમર્થનમાં પુરાવો રજુ કરવાનો આદેશ આપવામાં આવેલ છે.

(૦૩) હાલના કામે ફરીયાદ પક્ષે પોતાના કેસના સમર્થનમાં નીચે મુજબના પુરાવાઓ રજુ કરેલ છે.

**–: <u>મૌખિક પુરાવા</u> :–**

| **અ.નં.** | **વિગત** |
|---|---|
| ૧. | આંક–૦૭ થી પંચ લાલુ ઉર્ફે સાંગુર ભરતભાઈ ઠાકુરની |

| | |
|---|---|
| | જુબાની |
| **૨.** | આંક–૧૧ થી પંચ સોનુભાઈ નટુભાઈ બુટીયાની જુબાની |

**–: <u>દસ્તાવેજી પુરાવા</u> :–**

| **અ.નં.** | **વિગત** |
|---|---|
| **૧ .** | આંક–૦૮ થી મુદ્દામાલ કબ્જે કર્યાના પંચનામા ની નકલ |

(૦૪) ઉપરોકત પુરાવા બાદ આ કામે તપાસેલા સ્વતંત્ર પંચ સાહેદોએ પંચનામાની હકીકતને સમર્થન કરેલ ન હોય જેથી બાકીના સાહેદો તપાસવાથી કેસના ગુણદોષ ઉપર ફરક પડે તેમ ન હોય તેમજ **<u>સતીષ મહેરા વિ. દિલ્હી એડમીનીસ્ટ્રેટીવ (ક્રાઈમ્સ) ૧૯૯૬ (૩) એસ.સી. પાના નં. ૮૫</u>** ના ચુકાદામાં નામદાર કોર્ટે ઠરાવેલ છે કે, જયારે ફરીયાદપક્ષ ધ્વારા રજુ કરવામાં આવેલ પુરાવો ધ્યાને લેતાં અન્ય પુરાવો નોંધવો યોગ્ય અને વાજબી જણાઈ આવતો ન હોય તો તેવા સંજોગોમાં કોર્ટનો વેલ્યુએબલ (કિંમતી) સમય અને નાણાંનો વ્યય ન થાય તેથી આગળ પુરાવો લેવો જોઈએ નહી. જેથી સદર કામે તમામ સંજોગો ધ્યાને લેતાં અન્ય પુરાવો નોંધવો વાજબી અને યોગ્ય જણાઈ આવતો ના હોઈ ફરીયાદપક્ષનો પુરાવો બંધ કરી આગળની કાર્યવાહી કરવામાં આવેલ છે.

(૦૫) ફરીયાદપક્ષે રજુ થયેલ પુરાવા અંગે આરોપીનું બી.એન.એસ.એસ.ક. –૩૫૧ મુજબ વિશેષ નિવેદન નોંધવા જેટલો પુરાવો ન હોઈ વધારાનું નિવેદન લેવામાં આવેલ નથી. ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રી. તથા આરોપી પક્ષના વિ.વ.શ્રી.ની દલીલો સાંભળવામાં આવેલ છે.

(૦૬) ઉપરોક્ત હકીકતોને ધ્યાને લેતા કેસના ન્યાયીક નિર્ણય માટે નીચે મુજબના મુદ્ધાઓ ઉપસ્થિત થાય છે.

**//મુદ્ધા//**

(૦૧) શું ફરીયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ તા.૦૪/૧૦/૨૦૨૫ ના કલાક.૧૩/૨૦ વાગ્યે મોજે.કલસર પાતલીયા ચેક પોસ્ટ રોડ ઉપર તા.પારડી,જી.વલસાડ ખાતે પોતાના પાસેની પ્લાસ્ટીકની થેલીમાં ભારતીય બનાવટની વિદેશી દારૂ વ્હીસ્કી 8PM બ્લ્યુ ડીલ્ક્ષ વ્હીસ્કી ૧૮૦ એમ.એલ.વાળી બાટલીઓ કુલ્લે નંગ–૨૪ (જેમાં ૪.૩૨ લીટર) કિં.રૂા. ૨,૩૦૪/– નો પ્રોહી મુદ્દામાલ વગર પાસ પરમીટે ગેર કાયદેસર રીતે રાખી પકડાઈ જઈ, ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ ૬૫એ.એ. મુજબ નો ગુનો કરેલ છે ?

**૨.** શું હુકમ?

( ૦૭ ) ઉપરોકત મુદ્દાઓ પરત્વે મારા નિર્ણયો નીચે મુજબ છે.

મુદ્દા નં.૧ નકારમાં

મુદ્દા નં.૨ આખરી હુકમ મુજબ

( ૦૮ ) ઉપરોકત નિર્ણયોના મારા કારણો, અવલોકનો તથા તારણો નીચે મુજબ છે.

**–: <u>કારણો</u>:–**

**<u>મુદ્દા નં. ૧</u>**

(૦૯) આ કામે આરોપી વિરૂધ્ધ જે ગુન્હા સબબનો આક્ષેપ કરવામાં આવેલ છે તે ગુન્હા સબબની જોગવાઈ અને તેના આવશ્યક તત્વોને તથા ફોજદારી કાર્યવાહીમાં ફરીયાદપક્ષે પોતાનો કેસ નિ:શંકપણે પુરવાર

કરવાનો હોય છે તેવા પ્રસ્થાપિત સિધ્ધાંતને ધ્યાનમાં રાખી ફરીયાદપક્ષે રજુ કરવામાં આવેલ પુરાવાનું નીચે મુજબ મુલ્યાંકન કરવામાં આવેલ છે.

(૧૦) સદર કામે અનુક્રમે આંક–૦૭ થી પંચ લાલુ ઉર્ફે સાંગુર ભરતભાઈ ઠાકુરને તથા આંક–૧૧ થી પંચ  સોનુભાઈ નટુભાઈ બુટીયાને તપાસેલ છે. સદર પંચસાહેદોના પુરાવાનું મુલ્યાંકન કરીએ તો, સદર પંચસાહેદો તેમની જુબાની દરમ્યાન આંક–૦૮ થી મુદામાલ કબ્જે કર્યાનુ પંચનામું રજુ રાખે છે. પરંતુ, પંચનામામાં સહી કર્યા સિવાયની કોઈ વિગતોને પંચસાહેદો સમર્થન આપતા ના હોઈ વિ.એ.પી.પી.શ્રીએ તેઓને ફરી ગયેલ સાહેદો તરીકે જાહેર કરી બાદમાં અદાલતની પરવાનગીથી સુચક સવાલો પુછતાં તેમાં પણ સદર પંચ સાહેદોની જુબાની આધારે પંચનામાની વિગતો પુરવાર થતી ન હોઈ, સદર પંચસાહેદોની જુબાની તથા આંક–૦૮ થી મુદામાલ કબ્જે કર્યાના પંચનામા ઉપર આધાર રાખી આરોપીને તકસીરવાન ઠરાવી શકાય નહી તેવું અત્રેની અદાલતનું નમ્રપણે માનવું થાય છે.

(૧૧) આમ, સમગ્ર કેસની હકીકત ધ્યાને લેતાં ફરીયાદ પક્ષ ધ્વારા ઉપરોકત સાહેદોના પુરાવા રજુ કરવામાં આવેલ છે. તે સમગ્ર પુરાવાઓની સ્વતંત્ર અને સંયુકત રીતે તુલના કરીએ તો, સદર કામની ચાર્જશીટ જોઈએ તો પંચસાહેદો સિવાય અન્ય કોઈપણ સ્વતંત્ર સાહેદો મળી શકે તેમ હોવા છતાં કોઈ પણ સ્વતંત્ર સાહેદોના નિવેદનો મેળવેલા નથી. આમ, ફરીયાદપક્ષે તપાસમાં મહત્વપુર્ણ ખામી રહેલી છે તે સંજોગોમાં જે મુદ્દામાલ મળેલ છે તે આરોપીની જ

માલિકીનો હોવા સંબંધી વાજબી શંકા ઉપસ્થિત થાય છે. ચાર્જશીટના કાગળો જોતાં આરોપી પાસેથી મુદ્દામાલ કબ્જે કર્યા અંગે કોઈ રસીદ આપવામાં આવેલ હોય તેવું પણ જણાતું નથી કે તે અંગે ફરીયાદપક્ષ ધ્વારા કોઈ પુરાવો પણ રજુ રાખવામાં આવેલ નથી. આમ, ફરીયાદપક્ષના કેસમાં અનેકવિધ ત્રુટીઓ રહેલી છે.

(૧૨) સદર કામે ફરીયાદપક્ષે તપાસેલ પંચસાહેદો ધ્વારા પંચનામામાં પોતાની સહી ઓળખી બતાવવામાં આવેલ છે. પરંતુ, પંચસાહેદો ધ્વારા પંચનામાની તમામ હકીકતો નો ઈન્કાર કરવામાં આવેલ છે. **<u>સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર વિ. ઓનકાર મનીક પાટીલ (૧૯૭૯ ક્રિ.લો.રી. મહારાષ્ટ્ર ૪૨૧)</u>** માં સ્થાપિત કરવામાં આવેલ છે કે, જયારે પંચસાહેદો ધ્વારા પંચનામાને સમર્થન મળતું ન હોય તેવા સંજોગોમાં ફરીયાદી તથા અન્ય પોલીસ કર્મચારીની સોગંદ ઉપરની જુબાની ઉપર આધાર રાખી શકાય નહી.

(૧૩) વધુમાં, **<u>માનસીંગ મુલુભાઈ કાઠી દરબાર વિ. સ્ટેટ ઓફ ગુજરાત ૨૦૨૧ જી.એલ.એચ.ઈ.એલ.– એચ.સી.–પાના નં. ૨૨૭૬૯૮ માં</u>** પ્રસ્થાપિત સિધ્ધાંત મુજબ '' જો પંચ સાહેદો ફરીયાદીના કેસને સમર્થન આપતો પુરાવો ન આપે તેમજ આરોપી પાસેથી રીકવર કરેલ મુદ્દામાલ શીલ અને સ્લીપ કરેલાનો શંકા ઉપજાવતો હોય તેમજ સ્વતંત્ર સાહેદો તપાસેલા ન હોય અને સાક્ષીના પુરાવામાં મહત્વની બાબતનો વિરોધાભાસ જણાતો હોય તો આરોપીને શંકાનો લાભ આપી શકાય.''

(૧૪) વધુમાં, ફરીયાદપક્ષે જે પંચ સાહેદો તપાસેલ છે તે પંચનામાની વિગતોને લેશમાત્ર સમર્થન આપતાં ના હોઈ ફરીયાદપક્ષના

કેસને સમર્થન મળતું નથી તે સંજોગોમાં જે મુદ્દામાલ મળેલ છે તે આરોપીના કબ્જામાંથી મળેલ હોવા સંબંધી વાજબી શંકા ઉપસ્થિત થાય છે. **<u>સ્ટેટ વિ. રઈજીભાઈ ચતુરભાઈ સોલંકી એ.આઈ.આર. ૧૯૬૦ ગુજ. ૨૪</u>** ના ચુકાદામાં એવો સિધ્ધાંત પ્રસ્થાપિત કરવામાં આવેલ છે કે, " Where the presence of the panchas is obligatory at the time of search, the evidence of the Police Officer conducting the search must ordinarily be corroborated, and that if there is no such corroboration, ordinarily, a conviction should not rest solely on the uncorroborated testimony of the Police Officer who conducted the search."

" The corroboration that would justify a conviction in cases where it is obligatory to make a search in the presence of Panchas, is usually the evidence of one of the Panchas. At any rate the corroboration must be from a source independent of the Police Officer who made the search. "

(૧૫) આમ, ઉપરોકત ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતને લક્ષમાં રાખી હાલનો કેસ ધ્યાને લેતાં જયારે ફરીયાદપક્ષના કેસને એકપણ સ્વતંત્ર પંચસાહેદથી સમર્થન મળતું નથી તે સંજોગોમાં આરોપીને પ્રોહીબીશનના ગુના માટે તકસીરવાન ઠરાવી શકાય તેમ નથી અને તે મુજબ ફરીયાદપક્ષ આરોપી સામેનો કેસ નિ:શંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ જતો હોઈ મુદ્દા નં. ૧ નો જવાબ '' નકારમાં '' આપી, મુદ્દા નં. ૨ પરત્વે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે

છે.

**-: હુ ક મ :-**

(૦૧) આ કામના આરોપીને ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા ૨૦૨૩ ની કલમ ૨૭૧(૧) અન્વયે તેઓની સામેના ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ ૬૫ એ.એ. મુજબના શિક્ષા પાત્ર ગુનાના તહોમતમાંથી શંકાનો લાભ આપી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૦૨) સદર કામે કબ્જે લેવામાં આવેલ મુદામાલ દારૂનો અપીલ સમય વિત્યા બાદ નિયમ મુજબ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૦૩) આ કામના આરોપી દ્વારા અગાઉ રજુ કરેલ જામીન અપીલ સમય સુધી અસ્તિત્વમાં રાખવાનો હુકમ કરવામાં આવે છે.

(૦૪) હાલનો ચુકાદો, ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા,૨૦૨૩ ની ક.-૩૯૨(૬) મુજબ આરોપીની ગેરહાજરીમાં જાહેર કરવામાં આવેલ છે [શરદ જેઠાલાલ સાવલા વિરુદ્ધ સ્ટેટ ઓફ ગુજરાત ફોજદારી પરચુરણ અરજી નંબર ૯૮૬૨/૨૦૧૫, નિર્ણીત તા.૧૪/૧૧/૨૦૧૬ તથા નામદાર ગુજરાત હાઇકોર્ટના સરક્યુલર નંબર-૧૬૧૮/૨૦૧૬, તા.૦૫/૦૭/૨૦૧૬].

હુકમ આજરોજ તારીખ:૦૮, માહે:જુન, સને: ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં સહી કરી વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા. ૦૮/૦૬/૨૦૨૬
પારડી.

(કુ. ધ્રુવી ધનવંતકુમાર પડિઆ)
પ્રિન્સી.જ્યુડી.મેજી. ફ.ક.પારડી
તા.પારડી જી.વલસાડ.
(જજ કોડ નંબર જી જે ૦૧૬૬૭)